## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી.ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતને પ્રતિષ્ઠિત NABET પ્રમાણપત્ર પ્રાપ્ત થયું



સુરતઃ વેસુ સ્થિત જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ, સુરતએ 29મી ફેબ્રુઆરી 2024થી 28મી ફેબ્રુઆરી 2028 સુધી ચાર વર્ષ માટે સન્માનિત NABET (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર એજ્યુકેશન એન્ડ ટ્રેઈનિંગ) પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ એ સુરતની એકમાત્ર એવી શાળા છે જેને આ માન્યતા પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ નિયામક આચાર્ય જયશ્રી ચોરારિયા અને સંચાલન નિયામક સેજલ ઠક્કરના દૂરંદેશી નેતૃત્વ વિના શક્ય બની ન હોત. NABET કોઓર્ડિનેટર, કુ. મેઘના બદલાની અને સહયોગી સંયોજક કુ. શ્વેતા ગુપ્તાના સમર્પિત પ્રયાસો, તમામ વિભાગના વડાઓ (શૈક્ષણિક અને વહીવટી) સાથે એ સુનિશ્ચિત કરવા માટે નિર્ણાયક હતા કે શાળા તમામ માન્યતા આવશ્યકતાઓને પૂર્ણ કરે છે. આ પ્રસંગે જયશ્રી ચોરારીયાએ ખૂબ જ ગૌરવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'આ પ્રમાણપત્ર સંતુલિત અને સર્વગ્રાહી શિક્ષણ સાથે યુવાઓને ઉછેરવા માટેની અમારી શાળાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

### કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને પ્રતિષ્ઠિત "મહાત્મા એવોર્ડ ઈન્ડિયા-2024" એનાયત કરવામાં આવ્યો



સુરતઃ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનને સામાજિક સારા અને પ્રભાવ માટે પ્રતિષ્ઠિત "મહાત્મા એવોર્ડ ઈન્ડિયા 2024" એનાયત કરવામાં આવ્યો હતો. કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ફાઉન્ડર ચેરપર્સન અને કેપી ગ્રુપના સીએમડી ડો. ફારુક જી. પટેલે ડો. કિરણ બેદી, ફર્સ્ટ લેડી IPS ઓફિસર અને પુડુચેરીના ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર અને એડવોકેટ અમિત સચદેવા જેઓ પ્રખર ગાંધીવાદી, બંધારણ પ્રચારક તથા ભારતના સીએસઆર મેન તરીકે પ્રખ્યાત છે. એમના હસ્તે આ એવોર્ડ મળ્યો હતો. આ એવોર્ડ KP ગ્રુપના ચેરમેન ડો. ફારુક જી. પટેલના વિઝનને માન્યતા આપવા માટે એક સીમાચિહ્નરૂપ છે, જેઓ સમાજના વંચિતોના ઉત્થાન માટે અથાક મહેનત કરી રહ્યા છે. મહાત્મા પુરસ્કાર દ્વારા સમર્થિત આજે સમાજને પાછું આપવાનો તેમનો દ્રઢ વિશ્વાસ જનતાના લાભ માટે વધુ પ્રેરિત થશે.

### બે મહિનાની પ્રેક્ટિસ કરી સિનિયરોનું રોયલ ગરબા ગ્રુપ રમે છે એક દિવસના ગરબા

સુરતઃ છેલ્લા 23 વર્ષથી નવરાત્રીના સમયે રોયલ ગરબા ગ્રુપ દ્વારા બે મહિના પ્રેકટિસ કરીને એક દિવસ માટે ગરબા સેલિબ્રેશન કરવામાં આવે છે. આશરે 12થી 13 બહેનો દ્વારા આ રીતે ગરબા કરવામાં આવે છે. તમામ સિનિયર સિટિઝન છે અને કેટલાકની તો હાર્ટ તેમજ ગોઠણની સર્જરી પણ કરાવેલી છે. શરૂઆતમાં પ્રાચીન અને બાદમાં આમંત્રિત મહેનો સાથે ગરબા કરાયા બાદ કોરિયોગ્રાફથી તૈયાર કરાયેલા ગરબા કરવામાં આવે છે. સિનિયર સિટિઝનોને ધ્યાને લઈને ગરબાના સ્ટેપ કરવામાં આવે છે.

### બેંક ઓફ મહારાષ્ટ્રને હિન્દી ભાષાનો સર્વોચ્ચ સન્માન કીર્તિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો



સુરતઃ બેંક ઓફ મહારાષ્ટ્રને ભારત સરકારના ગૃહમંત્રાલય દ્વારા હિન્દી ભાષાના શ્રેષ્ઠ કાર્ય માટે કીર્તિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. આ વર્ષે બેંકને શ્રેષ્ઠ ગૃહ પત્રિકા શ્રેણીમાં આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ભારત સરકારના ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદની હસ્તે બેંકના કાર્યપાલક નિર્દેશક આશીષ પાંડે દ્વારા આ પુરસ્કારનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### બાળ સાહિત્યકાર બકોર પટેલની વાર્તાઓને તા.3જીએ વેબ પોર્ટલ ઉપર લોન્ચ કરાશે

સુરતઃ ગુજરાતી બાળ સાહિત્યમાં જાણીતા બકોર પટેલની વાર્તાઓને આગામી દિવસોમાં www.bakorpatel.com પોર્ટલ પર લોન્ચ કરવામાં આવશે. જે માટે આગામી તા.3જીના રોજ સવારે 11:01 કલાકે પ્રી-લોન્ચ ઈવેન્ટ કરાશે. આ પોર્ટલ પર વિનામૂલ્યે પ્રવેશની સાથે સાથે 30 દિવસ સુધી અગણિત વખત પુસ્તકો વાંચી શકાશે તેમ એક યાદીમાં ગાંડીવ પબ્લિશર્સ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ભુતલ પરના જીવોને શરણે લેવા માટેની પ્રભુની લીલા એટલા દાણલીલા: જયદેવલાલજી




સુરતઃ પાલ રોડ ઉપર સ્થિત શ્રી ગોકુલચંદ્રમાજીની હવેલી દ્વારા અડાજણ ખાતે એસએમસી કમ્યુનિટી હોલમાં પંચમ પીઠ કામવન સુરતનાં યુવરાજ ગોસ્વામી જયદેવલાલજીના મુખે ત્રણ દિવસીય દાણલીલા શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાની અમૃતવાણી વહાવતાં જયદેવલાલજીએ કહ્યું હતું કે મનુષ્યની બુદ્ધિનાં પ્રેરણાકર્તા પ્રભુ છે; પ્રભુની લીલાનું વર્ણન કોઈપણ સાધારણ વ્યક્તિ ના કરી શકે. પુષ્ટિમાર્ગમાં આખા વર્ષ દરમ્યાન વિવિધ મનોરથ અને ઉત્સવોનું આયોજન કરી ઠાકોરજી ને લાડ લડાવવામાં આવે છે. એજ પુષ્ટિ પરંપરા અનુસાર પુષ્ટિમાર્ગ ની હવેલીઓ માં ભાદરવા સુદ એકાદશી થી ભાદરવા વદ એકાદશી સુધી દાણલીલા નાં દર્શન નું આયોજન કરવામા આવે છે. તેમજ વલ્લભકુળ દ્વારા આ દિવસોમાં વિશેષ પ્રવચનોનું પણ આયોજન કરવામાં આવતું હોય છે.

### ગાંધી જયંતી નિમિત્તે આજે પ્રાર્થના સંઘ ખાતે મહિલા સુરક્ષા સંવાદ કાર્યક્રમનું આયોજન

સુરતઃ ગુજરાત સર્વોદય મંડળ અને ગાંધી વિચાર વર્તુળ દ્વારા પ્રાર્થના સંઘ ભદ્ર આશ્રમ, જિલ્લા કોર્ટ અઠવાલાઇન્સ ખાતે આજરોજ વિશેષ કાર્યક્રમ યોજાશે. આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ મહિલા સુરક્ષા માટે સરકાર દ્વારા કડક કાયદાઓ છતા કંઇક ખામી રહી જાય છે અને મહાત્મા ગાંધી જો આજના પરિપ્રેક્ષયમાં હોત તો તે શું કરત? એવા અનેક સવાલો સાથે આ સંવાદ કાર્યક્રમમાં ડો. વિરલ દેસાઇ જે પોતે એક પ્રાકૃતિક ચિકિત્સક અને ગાંધી વિચારધારાના અભ્યાસુ છે એમના દ્વારા સંવાદ કરી માર્ગદર્શન આપવામાં આવશે.

### એસવીએસ-1ના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રેસિડન્સી સ્કૂલની સિદ્ધિ



સુરતઃ આજરોજ SVS-1 કક્ષાનું 20 મું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન લોકમાન્ય વિદ્યાલય રાંદેર ખાતે યોજાયું હતું. જેમાં પ્રેસિડન્સી સ્કૂલ, ગુજરાતી માધ્યમની માધ્યમિક વિભાગની કૃતિ G.B.S. વિભાગ-1 માં પ્રથમ ક્રમે વિજેતા થઈ હતી. આ કૃતિ તિર્થરાજ પટેલ અને વત્સલ સોનાણીએ વિજ્ઞાન શિક્ષક દિપલબેન પટેલના નેતૃત્વ હેઠળ પ્રસ્તુત કરી હતી. હવે જિલ્લા કક્ષાએ ભાગ લેશે. ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન.એમ.કારિયા, ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા કુ. દીપિકા શુકલએ અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

# વિકાસ પરવાનગીમાં કલમ-19 મુદ્દે મુખ્યમંત્રીને હસ્તક્ષેપ કરવા ઈસ્ટ ઝોન બિલ્ડર એસો.ની રજૂઆત

**કોસાડમાં ગેલનો બિન ઉપયોગી રેલવે ટ્રેકને રોડના સ્વરૂપે કનેક્ટિવિટી આપવા માંગ**

#### FP ગેસલાઇન, ખાડી કે હાઇટેન્શનથી દૂર ફાળવો

૯૦ મીટર રિંગ રોડનો એક ફેઝ પણ સંપુર્ણપણે પુર્ણ થયો નથી, જેમાં અમુક બ્રિજ, નાળાના કાર્યો બાકી છે. નોન ટીપી ઝોનિંગવાળી મિલકતોમાં ઓથોરિટી દ્વારા ૪૦% કપાત લઈ ૬૦% નો ફાઇનલ પ્લોટ ફાળવવામાં આવે છે. પરંતુ જે તે જમીનનું નવી શરતનું પ્રીમિયમ તથા દસ્તાવેજની સ્ટેમ્પ ડ્યુટી ૧૦૦ % મુજબ વસુલવામાં આવે છે, જેથી આર્થિક ગેરલાભ થઈ રહ્યો છે. ટીપી તથા નોન ટીપીવાળા વિસ્તારમાં મિલકત માટે હાઈટેન્શન, ગેસ લાઈન કે બાજુમાંથી ખાડી જતી હોય તો ટીપીઓ દ્વારા કે નોન ટી.પીમાં જે તે કપાત લેતા હોય તો ૪૦% ધારાધોરણ મુજબ ફાઇનલ પ્લોટ ફાળવવો જોઈએ

સુરતઃ સુરતમાં નવા જ બનેલા ઈસ્ટ ઝોન બિલ્ડર એસોસિએશન દ્વારા આજે મુખ્યમંત્રીને મળીને રજુઆત કરી વિકાસ પરવાનગીના કામોમાં ઝડપ આવે તેવી વ્યવસ્થા ઉભી કરવા રજુઆત કરવામાં આવી હતી.

બિલ્ડરોએ કરેલી રજુઆતમાં મુજબ શહેરમાં હાઈવે કોરિડોર (કે.પી.સી) તથા રેલવે કોરિડોરમાં નવી ટીપી સ્કીમોના કપાતના ધારા ધોરણ 50% નક્કી કરવામાં આવી છે. જેને 40 % કરવા અને વિકાસ પરવાનગીના કામ માટે એક જ પદ્ધતિ અમલમાં રાખવા, અધિકારીની અછત દુર કરવા ટી.પી. સ્કીમોને ફાઈનલ કરવાની કામગીરી ઝડપી બનવી જોઈએ. ટીપી સ્કીમ નં ૨૭ (ઉત્રાણ-કોસાડ) અને કોસાડના નોન ટીપી વિસ્તારની વચ્ચે આવેલ ઉત્રાણ પાવર હાઉસની કંપની ગેલના રેલવે ટ્રેકની જમીનમાંથી બંને વિસ્તારને અવરજવર કરવા રોડના સ્વરૂપે કનેક્ટિવિટી આપવામાં આવે તો ટ્રાફિક અને અન્ય ઘણાં પ્રશ્નોનું નિરાકરણ આવે તેમ છે. ટીપી સ્કીમ નં ૫૨ (સણીયા હેમાદ-કોસમાડા-છેડછા), ૪૭ (ખોલવડ-ભાદા), ૪૮ (ખોલવડ), ૨૧ (સરથાણા-સીમાડા) સરકારમાં ફાઈનલ થવા મંજૂરી અર્થે આવેલ છે, જેનો ત્વરિત નિરાકરણ કરવામાં આવે તેમ રજુઆતમાં જણાવ્યું હતું.

### સુરતીઓનો જીવ બળી ગયો હશે, 46,203 વિદેશી દારૂની બોટલને બુલડોઝર નીચે કચડી નખાઈ




(તસવીર : સતીષ જાદવ)

■ ગુજરાતમાં દારૂબંધી વચ્ચે સુરતમાં ઝોન ચાર વિસ્તારમાં આવેલા છ પોલીસ સ્ટેશનમાં જપ્ત કરાયેલા દારૂનો નાશ કરવામાં આવ્યો છે. માત્ર 10 મિનિટમાં જ વિદેશી દારૂની 46,203 બોટલનો નાશ કરાયો છે. આ વખતે ઝોન ચારના છ પોલીસ મથકમાં જપ્ત કરવામાં આવેલા દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. 20 મહિનામાં ઝોન ચાર વિસ્તારમાં કુલ 46203 વિદેશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી હતી. પોલીસે 85 લાખથી પણ વધુ કિંમતના દારૂના મુદ્દામાલનો આજે નાશ કર્યો છે. રોડ પર વિદેશી દારૂ મૂકી રોલર ફેરવી દારૂનો નાશ કરાયો હતો. ઝોન ચારમાં આવનાર છ પોલીસ મથક પાંડેસરા ઉમરા, વેસુ, ખટોદરા,અઠવા અને અલથાણ પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે.

### ખરીદી માટે સુરત આવેલા આંધ્રપ્રદેશના કાપડ દલાલે હોટલમાં આપઘાત કરી લીધો

સુરતઃ મહિધરપુરામાં બસ સ્ટેશન નજીકના ઓમકાર ગેસ્ટ હાઉસમાં મૂળ આંધ્રાપ્રદેશના કાપડ દલાલે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આંધ્રપ્રદેશના કડપ્પા જીલ્લાના વતની 40 વર્ષિય સુરેશબાબુ સંદુ ચાર દિવસ પહેલા આંધ્રપ્રદેશના કડપ્પાથી ચાર જણાં સુરત કાપડ ખરીદવા માટે આવ્યા હતા. તેઓ તમામ સુરત બસ સ્ટેશન પાસેના ઓમકાર ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. સોમવારે બપોરે સુરેશબાબુ રૂમમાં એકલા હતા, જ્યારે અન્ય ચાર જણાં કાપડ ખરીદી માટે માર્કેટ જવા નીકળ્યા હતા. ચાર પૈકીના એક કાપડ વેપારી શ્રીનિવાસની તબિયત ખરાબ થતા તેઓ માર્કેટથી રીક્ષામાં બેસીને ઓમકાર ગેસ્ટ હાઉસમાં પરત આવ્યા હતા. ત્યારે જોયું તો ખબર પડી કે સુરેશબાબુએ ફાંસો ખાઈ લીધો છે.

# મનપાના ૧૮૮૦ કરોડનાં ૪૫૬ કામોની દરખાસ્તને મ્યુ. ફાયનાન્સ બોર્ડની મંજૂરી

**મંજૂર દરખાસ્ત પૈકી 937 કરોડની ગ્રાન્ટ મંજુર પણ કરી દેવાઇ, 450 કરોડ મનપાની તિજોરીમાં જમા થઇ ગયા છે**

સુરતઃ સુરત મનપાનું બજેટ અને ખાસ કરીને વિકાસ કામો હવે સરકારી ગ્રાન્ટ પર આધારીત થઇ ગયા છે. ત્યારે સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી યોજના અંતર્ગત સુરત મનપાને ૯૩૭ કરોડની ગ્રાંટ ફાળવવાની જાહેરાત કરવામાં આવી છે.

વિસ્તૃત વિગતો મુજબ મનપા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં વિકાસના કામો માટે ૪૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ કેટલાક વિકાસના કામો માટે સરકારની ગ્રાંટ પર નિર્ભર રહેવું પડે છે. સુરત મનપાના વિકાસના કામો અવિરત પણે આગળ વધતા રહે તે માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ સાકાર કરવા માટે મનપા દ્વારા સરકાર પાસે ગ્રાંટની માંગણી કરવામાં આવી હતી.

સુરત મનપા દ્વારા માળખાકીય સુવિધાના ૨૧૬ કામો માટે ૧૦૪૬.૩૬ કરોડ, સામાજીક આંતર માળખાકીય સુવિધાના ૨૧૦ કામો માટે ૩૮૯.૨૦ કરોડ, અર્બન મોબિલિટી માટે ૧૩ બ્રિજ અને ટ્રાફિક-બીઆરટીએસ સેલ ૧૦ સહિત કુલ ૨૩ કામો માટે ૨૩૪.૬૧ કરોડ અને હેરિટેજ સેલ, ડુમસ સી ફેસ, વહીવટી ભવન સહિતના ૭ કામો માટે ૨૧૦.૧૦ કરોડની ફાળવણી કરવા માટેની દરખાસ્ત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરકાર સમક્ષ રજુ કરવામાં આવી હતી. મનપાની ૧૮૮૦.૨૮ કરોડના ખર્ચે ૪૫૬ કામોની દરખાસ્તને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મનપા દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્ત પેટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૩૭.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી દેવાઈ છે. એટલે કે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા સૈદ્ધાંતિક રીતે મંજૂર કરાયેલ કામો પૈકી ૯૩૭.૭૫ કરોડના ખર્ચની મર્યાદામાં સુરત મનપા વહેલા તે પહેલાના ધોરણે ૪૫૬ પૈકી કોઈપણ કામગીરી વર્ષ ૨૦૨૪-૨૫માં કરી શકે છે.

### SMCમાં બીજાના નામે 21 વર્ષ બેલદારની નોકરી કરનારાનો નિર્દોષ છૂટકારો

**પોતાના નામે અન્યને ફરજ પર હાજર કરનારા આરોપીનું ટ્રાયલ દરમિયાન મોત થઇ ગયું હતું, અન્યને કોર્ટે શંકાનો લાભ આપ્યો**

સુરતઃ સુરત મહાનગર પાલિકામાં 21 વર્ષ સુધી બીજાના નામે નોકરી કરનારા આરોપીનો કેસમાં નિર્દોષ છૂટકારો થયો છે.

સુરત મનપા વતી આરોપીઓ કેશવ ડાહ્યાભાઈ જાદવ અને દિલીપ પીઠાભાઈ હેડંબા વિરુદ્ધ જુલાઈ 2013માં ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. ફરિયાદ મુજબ બંને આરોપીઓએ એકબીજાની મદદથી કાવતરૂં રચીને કેશવભાઈ જાદવની સુરત મહાનગર પાલિકામાં નિમણુંક થઈ હોવા છતા તેઓ ફરજ પર હાજર ન રહીને તેમના બદલે તેમના સંબંધી દિલીપભાઈ હેડંબાને કેશવભાઈ જાદવ તરીકેની ખોટી ઓળખ આપીને બેલદાર તરીકે નોકરી કરી સુરત મહાનગર પાલિકાના લાભો મેળવીને છેતરપિંડી કરી હતી.

ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આરોપીઓ તરફે એડવોકેટ મુખ્તીયાર એ. શેખ અને ઝકી શેખ તથા યાહ્યા શેખે હાજર રહીને દલીલો કરી હતી. ટ્રાયલ દરમિયાન કેશવભાઈ જાદવનું મોત નિપજ્યું હતું, તેથી માત્ર દિલીપ હેડંબા વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી ચાલી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી એડવોકેટ મુખ્તીયાર એ. શેખ અને ઝકી શેખ તથા યાહ્યા શેખની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી દિલીપભાઈ હેડંબાને શંકાનો લાભ આપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## સુવિધાના કામો માટે કલેક્ટરે મનપાને તલંગપુરમાં 23722 ચો.મી. જમીનનો કબજો સોંપ્યો

**મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જગ્યાની માંગણી કરવામાં આવી હતી**

#### સચિન ઝોન માટે 105 લાખ લીટરની ક્ષમતાનું જળવિતરણ મથક બનશે

સુરત મનપાને મળેલી સરકારી જગ્યા પર ૧૦૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતું એક જળવિતરણ મથક, બે ૨૭ લાખ લીટર ક્ષમતાની અને એક ૨૧ લાખ લીટરની ક્ષમતાની મળી કુલ ત્રણ ઓવરહેડ ટાંકી મનપા દ્વારા બનાવવામાં આવશે. જેના માધ્યમથી ઉધના ઝોન - બી(કનકપુર)માં ઉબેર, તલંગપોર અને પાલી વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે. સુરત મહાનગરપાલિકાનાં વિવિધ ઝોનના નવા વિસ્તારોમાં મૂળભૂત પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુસર મનપાને અંદાજીત ૭૪,૨૨૫ ચોરસ મીટર જગ્યા હાઇડ્રોલિક વિભાગના પ્રોજેક્ટો માટે તેમજ ૨,૬૯,૨૦૧ ચોરસ મીટર જગ્યા ડ્રેનેજ પ્રોજેક્ટો માટે મળી કુલ ૪,૬૩,૨૪૪ ચોરસ મીટર જગ્યા સરકાર દ્વારા સુરત મનપાને ફાળવવામાં આવી છે.

સુરતઃ 2020માં હદવિસ્તરણમાં મનપામાં સમાવિષ્ટ થયેલા નવા ઝોન સચિન-કનકપુરમાં નવા વિસ્તારોને પાણી પુરવઠો પુરો પાડવા માટે મોજે-તલંગપોર, બ્લોક નં.૨૨૪, વાળી સરકારની માલિકીની ૧૧૮૨૭૦ ચોરસ મીટર જગ્યા પૈકી ૨૩૭૨૨ ચોરસ મીટર જગ્યા સુરત મહાનગર પાલિકાને ફાળવવા માટે મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા જગ્યાનો કબજો પ્રાપ્ત કરવા માટે સતત પ્રયાસોના ફળ સ્વરૂપે મનપાની જરૂરીયાતને ધ્યાને લઇ કલેક્ટર દ્વારા ૨૫ જુન ૨૦૨૩ના રોજ ઉક્ત ૨૩૭૨૨ ચોરસ મીટર જગ્યા મનપાને ફાળવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. હવે કલેટકરાયલ દ્વારા મનપાને આ જગ્યાનો કબજો સોંપવામાં આવ્યો હોવાથી, નવા વિસ્તારોમાં પાણી પુરવઠો પુરો પાડવા માટે સુરત મનપા દ્વારા વિવિધ પ્રોજેક્ટોનું આયોજન હાથ ધરી શકાશે.

## લક્ઝરી બસમાં ડભોલી ચોકના બિલ્ડરની આંખ ખૂલી ત્યારે શરીર પરથી દાગીના ગાયબ હતા

**શ્રીનાથજી ટ્રાવેલ્સની બસ ચોટીલા પર ઊભી રહી ત્યારે અજાણ્યાએ ઘેનયુક્ત નાસ્તો ખવડાવી દીધો હતો**

**બિલ્ડર ભર ઊંઘમાં હતો ત્યારે ૨.૮૪ લાખની મતા ઉતારી ઠગ પલાયન થઇ ગયો**

સુરતઃ લક્ઝરી બસમાં રાજકોટ થી સુરત આવતી વખતે ચોટીલા નજીક એક હોટલ ઉપર અજાણ્યા બદમાશે ઘેન યુક્ત પદાર્થ પીવડાવી વેડરોડના બિલ્ડરની સોનાની ચેઈન, વીંટી અને રોકડા રૂપિયા મળી કુલ રૂ. ૨.૮૪ લાખ ચોરી કરી લેતા આ બનાવ અંગે સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

સરથાણા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના વેડ રોડ ઉપર ડભોલી ચોક પાસે આવેલ વૃંદાવન નગર સોસાયટીમાં રહેતા જેન્તીભાઈ ભુરાભાઈ પાનસુરિયા બિલ્ડર તરીકે કામ કરે છે. ગત તારીખ ૨૩ ઓગસ્ટના રોજ રાજકોટથી શ્રીનાથજી ટ્રાવેલ્સની જીજે. ૦૩. એઝેડ. ૦૦૮૮ ની સુરત આવતી લક્ઝરી બસમાં ડબલ ના સોફામાં બેઠા હતા. આ દરમિયાન એક અજાણ્યા ઈસમ તેની બાજુના સોફામાં હતો. રાત્રે સવા નવથી સાડા નવેક વાગ્યાના આરસામાં બસ ચોટીલા ખાતે આવેલી તુલસી હોટલ ઉપર ઊભી રહી હતી. આ દરમિયાન અજાણ્યા ઈસમે તેમને નાસ્તામાં ઘેન યુક્ત પદાર્થ ખવડાવી તેઓને બેહોશ કરી દીધા હતા. બાદમાં અજાણ્યો ઈસમ જયંતીભાઈના હાથમાંથી રૂપિયા ૬૦ હજાર કિંમતની સોનાની વીંટી, રૂપિયા ૨ લાખની સોનાનો ચેઈન તથા રોકડા રૂપિયા ૨૪,૫૦૦ મળી કુલ રૂપિયા ૨.૮૪ લાખને મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

લક્ઝરી બસ સવારે સરથાણા વાલક પાટિયાથી અબ્રામા તરફ બ્રિજ ચડતી હતી ત્યારે અચાનક જયંતિભાઈ ની આંખ ખુલી હતી અને પોતાના ઘરેણા તથા રોકડા રૂપિયા ચોરી થઈ હોવાની તેઓને જાણ થઈ હતી. જેથી તેમણે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# 87 હજારથી વધુ વૃદ્ધોની તપાસ, 27 હજારને બીપી-ડાયાબિટીસ

**બે વર્ષથી શરૂ કરાયેલી વડીલ વંદના યોજનાની ફળશ્રુતિ, 27 હજારથી વધુ વૃદ્ધોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી**

**મનપાનાં 61 આરોગ્ય કેન્દ્ર અને 40 અર્બન હેલ્થ સેન્ટર ખાતે 60 વર્ષથી વધુની ઉંમરના વડીલોની તપાસ કરાઇ**

**આ વર્ષે બે લાખથી વધુ વૃદ્ધ નાગરિકોની શારીરિક તપાસ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે**

#### ક્યા ઝોનમાં કેટલા વડીલોનું સ્ક્રીનીંગ થયું

- સેન્ટ્રલ ઝોનમાં 8,390
- વરાછા ઝોન એમાં 8,890
- વરાછા ઝોન- બીમાં 10,750
- કતારગામ ઝોનમાં 8,749
- લિંબાયત ઝોનમાં 16,310
- અઠવા ઝોનમાં 10,018
- ઉધના ઝોન એમાં 11,994
- ઉધના ઝોન બીમાં 3,052
- રાંદેર ઝોનમાં 9,663

સુરતઃ સર્વજન હિતાય અને સર્વજન સુખાયના સૂત્રને વરેલી સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરમાં વસતાં તમામ નાગરિકોને સમયસર ગુણવત્તાસભર સારવાર મળી રહે તે માટે વર્ષે દહાડે કરોડો રૂપિયાનાં બજેટની ફાળવણી કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી સુરત શહેરમાં વૃદ્ધો માટે પણ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા વડીલ વંદના યોજના શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ચાલુ વર્ષમાં શહેરનાં 2 લાખ વડીલોના આરોગ્યલક્ષી સ્ક્રીનીંગ કરવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધી 87 હજારથી વધુ વૃદ્ધોની આરોગ્યલક્ષી ચકાસણી કરીને નિરામય આરોગ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સિવાય 38 હજારથી વધુ વડીલોના મોબાઈલ ફોનમાં 108 ગુજરાત સિટીઝન એપ્લીકેશન ડાઉનલોડ કરીને તાકીદના સમયે 108નો સંપર્ક કરવા માટે જણાવવામાં આવ્યું છે.

સુરત શહેરમાં વસવાટ કરતાં વૃદ્ધો માટે સુરત મહાનગર પાલિકા દ્વારા છેલ્લા બે વર્ષથી વડીલ વંદના યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગત વર્ષે 60 વર્ષ કે તેથી વધુની ઉંમર ધરાવતાં એક લાખ વૃદ્ધ નાગરિકોની આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ડાયાબિટીસ, પ્રેશર સહિતના અન્ય રોગોનું નિદાન થતાં તેઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી અને દવાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાના ભાગરૂપે આ વર્ષે વડીલ વંદના યોજના હેઠળ બે લાખ વૃદ્ધ નાગરિકોના સ્ક્રીનિંગનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી શહેરનાં તમામ 61 આરોગ્ય કેન્દ્ર અને 40 અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે 87,816 વડીલોની તપાસ હાથ ધરવામાં આવી છે. જે પૈકી 27,612 વડીલોમાં નોન કોમ્યુનિકેશન ડીઝીઝ જેવા કે ડાયાબિટીસ, પ્રેશર તથા અન્ય રોગો મળી આવેલ હતા. આ દર્દીઓને સ્થળ પર જ સારવાર અને દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વડીલોને આ અભિયાનથી મોટો ફાયદો થયો છે.

### સતત 22મા વર્ષે અઠવા પાર્ટી પ્લોટ ખાતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન

**સમય વધારીને રાત્રે 12 સુધીનો કરાયો**

સુરતઃ મહાનગર પાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી દરમિયાન અઠવા પાર્ટી પ્લોટ ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વાદિષ્ટ ભોજન સાથે શહેરીજનોને મનોરંજન પુરૂ પાડવા ૧૦ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે. આગામી ગુરૂવારના રોજ મેયર દક્ષેશ માવાણીના હસ્તે ફૂડ ફેસ્ટીવલ લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

સુરતીલાલાઓ ચટાકેદાર વાનગીના શોખીન હોય, સુરત મનપા દ્વારા દર વર્ષે નવરાત્રી દરમિયાન અઠવા પાર્ટી પ્લોટ ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. અંદાજે ૨૧ વર્ષથી આ પરંપરા ચાલતી આવી છે. આ વર્ષે પણ ૩જી ઓક્ટોમ્બરથી ૧૨મી ઓક્ટોબર સુધી અઠવા પાર્ટી પ્લોટ ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. ફૂડ ફેસ્ટીવલના ૧૦ દિવસ દરમિયાન લોકોનો ભારે ધસારો જોવા મળે છે. ખાણીપીણીની અવનવી વાનગીઓ સાથે શહેરીજનોને મનોરંજન પુરૂ પાડવા મનપા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ દિવસ વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ રંગારંગ કાર્યક્રમો રજુ કરી લોકોને મનોરંજન પુરૂ પાડવામાં આવશે. જેમાં મ્યુઝીકલ બાઉઝી, અંતાક્ષરી, મેજીક શો, ફન ગેમ્સ અને અંધજન સંસ્થા દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ વર્ષે વરસાદનું વિઘ્ન મનપાના ફૂડ ફેસ્ટીવલને નડે તેવી ભીતિ હાલ સેવાઈ રહી છે.